R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૯

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 23•ISSUE: 08 DATE: 23-02-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## ત્રાસવાદીઓએ માઠા પરિણામ ભોગવવા પડશે, જડબાતોડ જવાબ અપાશે, સમય,સ્થળ બધુંજ સૈન્ય નક્કી કરશે : વડાપ્રધાનની ઘોષણા



જમ્મુ-કાશ્મીરના પુલવામાંમાં સીઆરપીએફના ૪૦ જવાનોના ભોગ લેનારા આતંકી હુમલા અંગે વડાપ્રધાન મોદીએ પાડોશી દેશ પાકિસ્તાનને કડક શબ્દોમાં ચેતવણી આપી છે અને કહ્યુ હતું કે આ ઘટનાને અંજામ આપનારા આતંકીઓને છોડવામાં આવશે નહીં.તેમના આકાઓને પણ યોગ્ય બદલા માટે તૈયાર રહેવાની ચેતવણી આપી છે.તેમણે કહ્યુ હતું કે તેના આવા હુમલાઓથી ભારત નબળું નહી પડે.આ હુમલા માટે જવાબદાર લોકોએ ઘણી મોટી કિંમત ચુકવવી પડશે. અને સુરક્ષાદળોને આતંકીઓ સાથે કામ પાર પાડવા માટે ખુલ્લી છુટ આપી દેવામાં આવી છે.વડાપ્રધાને પુલવામાં આતંકી હુમલામાં શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ અર્પિત કરતાં કહ્યુ હતું કે તેમણે દેશની સેવા કરીને તેમનું બલિદાન આપ્યું ચે. દુઃખના આવા માઠા પ્રસંગે મારી સંવેદના તેમના પરિવારોની સાથે છે.દેશને સૈનિકોની બહાદુરી પર સંપુર્ણ ભરોસો છે.તેમણે કહ્યુ હતું કે દેશમાં આક્રોશ છે અને લોકોની લોહી ઉકળી રહ્યુંછે.આંતકીઓને પોષનારાઓ મોટી ભુલ કરી બેઠા છે. આ હુમલાને અંજામ આપનારાને સજા અવશ્ય મળશે.આ વખતે દેશમાં કંઈક કરી છુટવાની ભાવના છે.તેમણે ઉમેર્યુ હતું કે સલામતી દળોને છુટ આપી દેવાઈ છે.

## ભારતે પાકિસ્તાનનો 'મોસ્ટ ફેવર્ડ નેશન' નો દરજ્જો પરત લીધો

પુલવામાં થયેલા આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાન તરફી પોતાનું વલણ સખ્ત બનાવતાં અને વિશ્વમાં તેને અટલુ પાડવા માટે કેટલીક કવાયત હાથ ધરી છે તેના પ્રથમ પગલાં સ્વરુપે ભારતે 'મોસ્ટ ફેવર નેસન'નો દરજ્જો પાછો લઈ લીધો છે.વડાપ્રધાને મોદીએ કેબિનેટ કમિટી ઓન સિક્યોરીટીની બેઠકમાં પાકિસ્તાનને આ આપેલો દરજ્જો પાછો ખેચી લેવાનો ઠરાવ કર્યો હતો. ૨ ૨વર્ષ પછી આ દરજ્જો ખતમ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.આ જાણકારી નાણાંમંત્રી અરુણ જેટલીએ મીડીયાને આપી હતી.

મોસ્ટ ફેવર્ડ નેશન એક આર્થિક દરજ્જો છે જેને બે દેશો વચ્ચે થનાર મુક્ત વ્યાપાર કરાર અંતગર્ત અપાતી જોગવાઈ છે. કોઈ દેશ અન્ય દેશને આ દરજ્જો આપે છે એ દેશે એ તમામ વ્યાપારની શરતો એક જેવી રાખવી પડે.

આ દરજ્જો પાછો ખેચી લેવાથી પાકિસ્તાનને આર્થિક નુકશાન સહન કરવું પડશે.પાકિસ્તાનથી આયાત થતી વસ્તુઓ પર ભારત પોતાની મરજી અનુસાર કસ્ટમ ડ્યુટી વધારી શકશે. પાકિસ્તાનથી ભારતમાં ફળ,સીમેન્ટ,ચામડું,કેમીકલ અને મસાલા આયાત કરવામાં આવે છે.

આ ઉપરાંત મોદી સરકારે પુલવામાં હુમલા મામલે ચર્ચા માટે તમામ પક્ષોની એક બેઠક સંસદમાં બોલવી છે.જેમાં ભારતના ભાવી પગલાં અંગે એકસરખો અભિપ્રાય મેળવાશે અનેઆગામી દિવસોમાં કેવાં પગલાં ભરવા જોઈએ તે અંગે સર્વ સંમતિ સધાશે.આ વખતે સરકાર એક સ્પષ્ટ,નિર્ણયાત્મક પગલું લેવા માંગતી હોય તેમ લાગે છે.

## ભાજપ-શિવસેના યુતિમાં સંધિ થઇ ગઇ અને ખાંડા ખખડાવતાં બેઉ બળીયા ભેગા મળી ગયા,સાથે મળીને મહારાષ્ટ્રની લોકસભાની ચુંટણી લડશે



છેલ્લા ઘણા વર્ષોથી લડાઈની જેમ હાકલા પડકારા કરતાં,એકબીજાની સામે ધુરકીયા કરતાં શિવસેના-ભાજપે અંતે ફરીથી સત્તાનો સ્વાદ બરકરાર રાખવા માટે યુતીની સમજણ પર સંધિ કરી દીધી છે.મહારાષ્ટ્રની લોકસભાની ચુંટણીમાં તેઓ સાથે મળીને ચુંટણી લડશે.મહારાષ્ટ્રમાં એકલા હાથે ચુંટણી લડવાની ફીશીયારી ઠોકતાં બેઉ પક્ષોને જ્ઞાન લાધ્યું છે કે યુતિ વગર મહારાષ્ટ્રમાં એકલ પંડે ચુંટણી જીતવી મુશ્કેલ છે.મુંબઈમાં અમિત શાહ અને ઉધ્ધવ ઠાકરેએ બેન્ને પાર્ટીના નેતાઓ એ મળીને ચુંટણી સાથે લડવી તેવું નક્કી કર્યુ હતું.રાજયના મુખ્યમંત્રી ફડનવીશની હાજરીમાં આ સમજુતી કરવામાં આવી હતી.સમજુતિ પ્રમાણે લોકસભાની ૪૫ સીટોમાંથી ૨૫ પર બીજેપી અને ૨૩ પર શિવસેના ચુંટણી લડશે.૨૦૧૪માં બંને પાર્ટીએ ચુંટણીમાં સાથે મળીને ૪૨ સીટો પર વિજય મેળવ્યો હતો.ભાજપને ૨૩ અને શિવસેનાને ૧૮ સીટો પર જીત મળી હતી.અમિત શાહ માતોશ્રી ગયા હતા અને ત્યાં બેઉ નેતાઓએ ચર્ચા સમજુતી કર્યા બાદ પ્રેસ કોન્ફરન્સ કરી હતી.તેમણે એમ સ્વીકાર્યુ હતું કે તેમની વચ્ચે કેટલાક મતભેદો છે પણ તેની સમજુતી કરાશે.

અમિત શાહે કહ્યુ હતું કે કરોડો કાર્યકરોના મનની વાત હવે પુરી થઈ છે.તમામ લોકો ઈચ્છતા હતા કે બંને પાર્ટી સાથે મળીને ચુંટણી લડે.ઠાકરે સાથે વિસ્તૃત ચર્ચા પ છી આ નિર્ણય લેવામાં આવ્યો છે.શિવસેના અને અકાલીદળે કોઈપણ સંજોગોમાં ટેકો આપવાનું કહ્યુ છે.આજે અમારી વચ્ચેનો ખટરાગ સમાપ્ત થઈ ગયો છે.ઉદ્દવ ઠાકરેએ કહ્યુ હતું કે જો અને એકબીજાની સાથે લડતા રહીએ તો છેલ્લા ૫૦ વર્ષથી જેમની સામે લડી રહ્યા છીએ તેમને ફરી પાછી સત્તા સોપી દઈએ.

સત્તા મેળવવા માટે બેઉ ઘણા વષોર્થી એકબીજા સાથે શિંગડા ભરાવતાં હતા છતાં ભેગા થઈ ગયા આ છે આજની રાજકીય રમતનો એકભાગ.અલગ અલગ ચુંટણી લડીને સત્તા મેળવવી અઘરી છે તેથી ભેગા મળીને સારો દેખાવ કરી શકાય તે માટે અનેક વિવાદોની વચ્ચે સમાધાન કરી એકજુટ થવાનો માહોલ ઉભો કરવામાં આવ્યો છે.

## અમેરિકાએ પાકિસ્તાનને આતંકવાદ સામેની લડાઇમાં ત્રાસવાદીઓની મદદ અને આશ્રય-મદદ બંધ કરવા કહ્યુ

જમ્મુ-કાશ્મીરના પુલવામાં જિલ્લામાં સીઆરપીએપના કાફલા પર થયેલા હુમલાને કારણે ૪૦ જવાનો શહીદ થયા તે ઘટનાની અમેરિકાએ ભારે નિદા કરી છે.સાથે સાથે અમેરિકાએ પાકિસ્તાનને આકરો સંદેશો પણ પાઠવ્યો છે. અને કહ્યુ છે કે તમામ આતંકવાદી જુથોને સમર્થન અને આશ્રય આપવાનું તાત્કાલિક બંધ કરો. પાકિસ્તાનમાં રહીને પોતાની પ્રવૃત્તિઓ ચલાવતાં આતંકવાદી સંગઠન જૈસે એ મહોમ્મદ(જેઈએમ)એ પુલવામાં ફિદાઈન હુમલાની જવાબદારી લીધી છે. આ હુમલામાં સીઆરપીએફના ૪૦ જવાનો શહીદ થયા છે. અને અન્ય પાંચ ગંભીર રીતે ઘવાયા ચે. વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ સારા સેન્ડર્સે જારી કરેલા એક નિવેદનમાં કહ્યુ હતું કે અમેરિકા પાકિસ્તાનને અપીલ કરે છે કે તે પોતાની જમીન પરથી આતંકવાદી પ્રવૃત્તિઓ ચલાવતાં એવા તમામ આતંકવાદી સંગઠનોને સમર્થન આપવાનું અને આશ્રય આપવાનું બંધ કરે. જેમનું એકમાત્ર લક્ષ્ય અવ્યવસ્થા,હિંસા,અનો આતંક ફેલાવવાનું છે. તેમણે કહ્યુ હતું કે આ હુમલો આતંકવાદની વિરુધ્ધની લડાઈમાં અમેરિકા અને ભારતના સહયોગને આગળ વધારવામાં અમારા સંકલ્પને વધુ મજબુત બનાવે છે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

પલવામામાં થયેલા આતંકી હુમલાથી સમગ્ર દેશવાસીઓ સ્તબ્ધ છે.સમગ્ર દેશમાં આક્રોશ છવાયેલો છે.બદલાની ભાવનાની આગ ચારેકોર લાગી ચુકી છે તેવા સત્તા સ્થાને બેઠેલા લોકોએ અગ્નિ ઠારવાની કોશીશ કરવાને બદલે વધુ બહેકે તેવા નિવેદનો કરવામાં આવી રહ્યા છે.જો કે આ તબક્કે એવા નક્કર પગલાં લેવા જોઈએ કે જેથી ભવિષ્યમાં આતંકવાદની પ્રવૃત્તિને રોકી શકાય.માંગ ઉઠી છે કોઈ રીતે પાકિસ્તાન સામે યુધ્ધ કરો પરંતુ યુધ્ધ એ કોઈ વિકલ્પ નથી તેનાથી આતંકવાદ ઠારી શકાશે નહીં.વધુમાં તો છાસ વારે આપણા લશ્કરી મથકો કે જવાનો પર થતાં હુમલામાં આપણી ભુલ અને કચાશ ક્યાં છે તેને શોધી કાઢવાની જરુર છે.જો આપણા જવાનો તેમની સલામતી બાબતે ચોક્કસ તકેદારીના રાખી શકે તો જવાનોની કિમંતી જીંદગી રોળાઈ જાય.

કાશ્મીરમાં ગામે ગામ લશ્કર સહિતની કેન્દ્રીય એજન્સીઓ મોજુદ છે. તેમ છતાં આટલી મોટી માત્રામાં આરડીએક્સ આવીને સ્ટોર થઈ ગયો અને માહીતી ના મળી શકી તે ઈન્ટેલીજન્સની નિષ્ફળતા છે.કારમાં પ્લાન્ટ થયો અને જવાનોના કાફલાની બસ સાથે કાર ટકરાવામાં આવી અને કાવતરુ પાર પડાયું તો આતંકવાદીઓનું નેટવર્ક તમારી તમામ એજન્સીઓના કરતાં બે ડગલાં આગળ છે.ઈન્ટેલીજન્સને માહીતી મળી નહી કાંતો તેને સમજવામાં તેઓ થાપ ખાઈ ગયા.છિડા જ્યાં છે તેને શોધો,પુરો અને આતંકવાદની કમર તોડી નાંખો.જમ્મુ-કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે અને તેમાં વસતા તેના નાગરિકો અને કાનુન વ્યવસ્થા સુદ્ઢ રહે તે માટે સરકાર કટિબધ્ધ રહેવું જોઈએ.

નેશનલ ઈન્વેસ્ટીગેશન ટીમે ખુલાસો કર્યો કે પુલવામામાં થયેલ ત્રાસવાદી હુમલામાં આરડીએક્સ વપરાયું નહોતું. પરંતુ નકસલવાદીઓ દ્વારા વપરાતા યુરીયા-એમોનિયમ-નાઈટ્રેટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.ટુંકમાં કાશ્મીરના ત્રાસવાદીઓએ પોતાની મોડ્સ ઓપરેન્ડીમાં બદલાવ લાવ્યા છે.ઈસ્લામિક સ્ટેટ,તાલિબાન,અલ-સબાબ, અને બોકો હરામ જેવા અતરનાક સંગઠનો દ્વારા ઉપયોગમાં લેવાતી મોડ્સ ઓપરેન્ડીને તેઓ અનુસર્યા છે.

અફધાનિસ્તાનમાંથી અમેરિકી લશ્કરનું વતન પાછા ફરવું તમામ આતંકી સંગઠનો માટે વિજય સમાન છે. તાલિબાનો એમ માને છે કે અમે રશિયાને ભગાડી મુક્યું અને હવે અમેરિકાના લશ્કરને ઉચાળા ભરાવ્યા તેથી આ વિસ્તારોમાં જેમનું વર્ચસ્વ છે તેવા તાલીબાન,આઈએસઆઈ જેવા અન્ય આતંકી સંગઠનોને પીઓકેની સરહદ પર પાકિસ્તાની આતંકી સંગઠનોને મદદ મળી રહી છે.પરિણામે આ બધાને પાકિસ્તાનની કેટલીક ખુફિયા એજન્સી જેમને ભારતની સામાજિક, આર્થિક વ્યવસ્થા તોડી ફોડી નાંખવાની મુરાદ છે તેઓની મુરાદ બર આવે છે.કાશ્મીરમાં સ્વતંત્રતાના નામે યુવાનોને ભડકાવીને તેમને આતંકી બનાવી દેવામાં આવે છે. આ બધાની પાછળ આપણી રાજકીય નેતાગીરીનો પણ કેટલોક દોષ છે કે જેઓ પરિસ્થિતિને થાળે પાડવા માટે અસમર્થ રહ્યા છે.કાશ્મીરના યુવકોના માનસમાં ઝેર ભરવા માટે સ્થાનિક કેટલીક નેતાગીરી પણ કાર્યરત છે.કાશ્મીરના લોકોમાં જ્યાં સુધી ભારત વિરોધી લાગણી રહેશે ત્યાં સુધી પરિસ્થિતિને સરળ બનાવવી અઘરી છે.યુધ્ધ સમસ્યાનું નિરાકરણ નથી.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ એ એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# કાશ્મીરમાં સૌથી મોટો આતંકી હુમલો : આત્મઘાતી હુમલાખોરે વિસ્ફોટક ભરેલી કાર અથડાવતા ૪૪ જવાન શહીદ

જમ્મુ-કાશ્મીરમાં પુલવામાં સીઆરપીએફજના જવાનોનો કાફલો જતો હતો ત્યારે આત્મઘાતી હુમલાખોરે વિસ્ફોટક ભરેલી કાર અથડાવીને ઘાતકી હુમલો કર્યો હતો.કાશ્મીરમાં અત્યાર સુધીમાં સુરક્ષા જવાનો પર કરવામાં આવેલો આ સૌથી મોટો હુમલો હતો. પુલવામાં ખાતે અવંતીપોરામાં ગોરીપારા વિસ્તારમાં જૈસ-એ-મહોમ્મદ આતંકી સંગઠન દ્વારા મુખ્ય હાઈવે પર કાર પાર્ક કરીને તેમાં આઈઈડી પ્લાન્ટ કરવામાં આવ્યો હતો.સીઆરપીએફનો કાફલો જતો હતો ત્યારે આ કારને જવાનોના વાહન સાથે અથડાવી દેતા વિસ્ફોટ થયો હતો જેમાં ૪૪ જવાનો શહીદ થયા હતા.બ્લાસ્ટની સાથે બીજા સંતાયેલા આતંકીઓએ અંધાધુધ ગોળીબાર



કરતાં જવાનોમાં હતાહત થઈ હતી અને ૨૦ જેટલા જવાનો ઘાયલ પણ થયા હતા.સુરક્ષા જવાનો દ્વારા આ વિસ્તારમાં સર્ચ કરવામાં આવી રહ્યુ છે.સમગ્ર દેશમાં આ ઘટનાની નિંદા કરવામાં આવી રહી છે તેમજ પાકિસ્તાની સ્થિત આતંકવાદી બળો સામે સખ્ત કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

# કેન્દ્ર સરકારના નાગરિકતાના કાયદાના વિરોધમાં સંગીતકાર ભુપેન હજારિકાના પરિવારે ભારત રત્ન પરત કરવાનો નિર્ણય કર્યો

હાલમાં ભારત રત્નથી સન્માનિત સંગીતકાર ભુપેન હજારિકાના પરિવારે કેન્દ્ર દ્વારા નાગરિકતા સંશોધન બિલના વિરોધમાં ચોકાવનારો નિર્ણય લીધો છે. ભુપેન હજારિકાના પરિવારે આ બિલના વિરોધમાં ભારત રત્ન સન્માન પરત કરવાની જાહેરાત કરી છે.હજારિકાને ૨૫ જાન્યુ.એ જ મોદી સરકારે સૌથી મોટા પુરસ્કારથી નવાજવાનું એલાન કર્યો હતું.નાગરિકતા સંશોધન બિલ અંગે આસામમાં છેલ્લા અનેક દિવસોથી દેખાવો થઈ રહ્યા છે.અત્યાર સુધીમાં સેકડો દેખાવકારોને કસ્ટડીમાં મોકલાયા છે.હાલમાં જે ગુવાહાડીની મુલાકાત દરમિયાન પી.એમ.મોદીએ કહ્યુ હતું કે જે સન્માન ભુપેન હજારિકાને ઘણુ અગાઉ મળવાની જરુર હતી તે હવે તેમને મળી શક્યું છે.પીએમ મોદીએ કહ્યુ હતું કે નાગરિકતા કાયદા અંગે કેટલાક લોકો ભ્રમ ફેલાવી રહ્યા છે. કેન્દ્ર સરકાર આસામ અને પુર્વોત્તર રાજ્યોના તમામ રાજયોની સંસ્કૃતિ,ભાષા અને સંસાધનોની રક્ષા કરવા માટે પ્રતિબધ્ધ છે. ભુપેન હજારિકા આસામના ગીતકાર,સંગીતકાર,ગાયક,કવિ અને ફિલ્મ નિર્માતા હતા.

# જજો ચુકાદા આપતાં દબાણ મહસુસ કરે છે : મીડીયા ટ્રાયલનો હાલનો ટ્રેન્ડ તેનું ઉદાહરણ છે

સુપ્રીમ કોર્ટના જજ એ.કે.સિકરીના કહેવા પ્રમાણે આજના યુગમાં ન્યાયિક પ્રક્રિયા દબાણમાં છે.જજ તણાવ અને દબાણમાં નિર્ણયો લખી રહ્યા છે. કોઈ કેસ પર સુનાવણી શરુ થાય તે પહેલાં જ લોકો ચર્ચા કરવા લાગે છે કે તેનો ચુકાદો શું આવવો જોઈએ. તેની જજો પર અસર પડે છે.જજ સિકરીએ લોએશિયા ના સમેલનમાં ડીજીટલ યુગમાં પ્રેસની સ્વતંત્રતા વિષય પર લોકોને સંબોધિત કરતાં કહ્યુ હતું કે પ્રેસની સ્વતંત્રતા નાગરિક અને માનવાધિકારની રુપરેખા અને કસોટીને બદલી રહી છે.અને મીડીયા ટ્રાયલનો હાલનો ટ્રેન્ડ તેનું ઉદાહરણ છે.

તેમણે કહ્યુ હતું કે મીડીયા ટ્રાયલ અગાઉ પણ થતી હતી પણ આજે જે બની રહ્યું છે તે એ છે કે જેવો કોઈ મુદ્દો જોરશોરથી ચર્ચાય છે કે એક અરજી દાખલ કરી દેવાય છે.અરજી પર સુનાવણી શરુ થાય એ પહેલાં જ લોકો એવી ચર્ચા શરુ કરી દે છે કે તેનો નિર્ણય શું આવવો જોઈએ. મારો અનુભવ છે કે જજ કઈ રીતે કોઈ કેસ અંગે નિર્ણય લે છે તેની તેના પર અસર પડે છે. જજ સિકરીએ કહ્યુ હતું કે આવું સુપ્રીમ કોર્ટમાં વધારે નથી કેમકે જ્યાં સુધી તેઓ સુપ્રીમ કોર્ટમાં પહોચે છે ત્યાં સુધીમાં તેઓ ગણા પરિપક્વ થઈ જાય છે.


વિનંતી



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.


# કેન્દ્ર સરકારે લોકશાહીના મુળભુત સિધ્ધાંતોનું ઉલ્લંઘન કરીને સંસદીય મંજુરી વગર રુ.૯૯૬૧૦ કરોડનો ખર્ચ કર્યો

લોકશાહીના મુળભુત સિધ્ધાંતોનું ઉલ્લંઘન કરીને કેન્દ્ર સરકારે સંસદીય મંજુરી વિના વર્ષ ૦૧૭-૧૮માં રુ.૯૯૬૧૦ કરોડનો વધારાનો ખર્ચ મંજુર કર્યો હોવાનું કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ)ના રિપોર્ટમાં જણાવાયું છુ. આ રિપોર્ટ અનુસાર એપ્રોપ્રિએશન એકાઉન્ટસના ઓડીટમાં જાણવા મળે છે કે એકાઉન્ટેબીલીટીને પ્રોત્સાહીત કરવામાં ઓથોરીટીઝને નિષ્ફળતા મળી છે અને પરિણામે તેમાં સામેલ સિધ્ધાંતોનું ઉલ્લંઘન થયું છે.જેના કારણે સંસદીય મંજુરી વિના વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન રુ.૯૯૬૧૦ કરોડનો વધારાનો ખર્ચ મંજુર કરાયો છે.સિધ્ધાંતોનું ઉલ્લંઘન કરીને પોતાની મહત્તા સાબિત કરે છે.

# રફાલ સોદો સસ્તો હોવાનો કેગ રિપોર્ટ પણ અન્ય ખુલાસાઓથી ડીલમાં વાંધાઓ ઉજાગર કરાયા

રફાલ યુધ્ધ વિમાનોના મુદ્દે મોદી સરકાર પર રોજેરોજ કરાયેલા આકરા પ્રહારોની સાથે ભાજપની એનડીએ સરકારે રાજ્યસભામાં છેલ્લે દિવસે કેગનો રિપોર્ટ દાખલ કરીને વિપક્ષોને વધુ ચર્ચાનો અવકાશ આપ્યો નથી અને રાજકીય દંગલ વચ્ચે સરકારે પોતાનો કક્કો સાચો કરવાનો પ્રયત્ન કર્યો છે.

રફાલ સોદામાં સૌથી અગત્યની બાબત તો વિમાનોની કિમતો બાબતે હતી પરંતુ વકીલોએ તૈયાર કરેલા રિપોર્ટમાં કિમતોને જાણીબુઝીને અવળે પાટે ચડાવીને ટકાવારીમાં પોતે સસ્તો સોદો કર્યો છે તેવું બતાવીને કૌભાંડને ખુલ્લુ કરતાં અટકાવ્યું છે.તેવો આક્ષેપ વિપક્ષો દ્વારા કરવામાં આવી રહ્યો છે.

રફાલ યુધ્ધ વિમાન ડીલ અંગે કેન્દ્રની મોદી સરકારે એવો દાવો કર્યો હતો કે ફ્રાંસની સાથે થયેલો નવો સોદો કોગ્રેસની આગેવાનીમાં રહેલી યુપીએ સરકારથી ઉત્તમ છે અને વડાપ્રધાન મોદી દ્વારા કરાયેલા નવા સોદાના કારણે ભારતને રફાલ યુધ્ધ વિમાન જલ્દીથી મળી જશે. જો કે ધ હિન્દુ દ્વારા કરાયેલા નવા ખુલાસાથી ખ્યાલ આવે છે કે સાત સભ્યોના નેગોશિયેટર ગ્રુપ(આઈએનટી)માં સામેલ સંરક્ષણ મંત્રાલયના ત્રણ વરિષ્ઠ અધિકારીઓએ સરકારના આ દાવાઓ સાથે સંમતિ દર્શાવી નથી.અખબારના રિપોર્ટ અનુસાર ઈન્ડીયન કોસ્ટ એકાઉન્ટ સર્વીસના સંયુક્ત સચિવ સ્તરના અધિકારી, સલાહકાર(ખર્ચ) એમ.પી.સિંહ, ફાઈનાન્સ મેનેજર(એર) સુલે,સંયુક્ત સચિવ રાજીવ વર્માએ એક વિરોધ પત્ર ( ડિસેન્ટ નોટ) આપ્યો હતો. જેમાં આ અધિકારીઓએ નવી ડીલને યુપીએ સરકાર દ્વારા કરાયેલી ડીલથી ઉત્તમ ગણાવવા અને રફાલ વિમાનોની ઝડપી ડીલીવરી કરવાના દાવાઓ પર વાંધો પ્રકટ કર્યો હતો.આ આઠ પેજની ડિસેન્ટ નોટને ફ્રેચ ટીમ સાથે વાતચીત પુરી થયાના ૩ મહિના પછી અને ૨૩ સપ્ટે.૨૦૧૬ના આંતર-સરકારી સમજુતી પર હસ્તાક્ષર કર્યાના ૩ મહિના અગાઉ લખવામાં આવી હતી.રિપોર્ટ અનુસાર નવા રફાલ સોદાના લગભગ ૬૨૯૭૬ કરોડ રુપીયાના ખર્ચ અંગે ટિપ્પણી કરતાં વિશેષજ્ઞોએ કહ્યુ હતું કે ફ્રેન્ચ સરકાર દ્વારા અપાયેલી કિંમત તર્કસંગત નથી. એટલે સુધી કે ફ્રેન્સ સરકાર દ્વારા અપાનારી આખરી કિંમતને એમએમઆરસીએની ઓફરની તુલનામાં ઉત્તમ શરતો તરીકે માનવામાં આવી શકે તેમ નથી.

રફાલ સોદામાં સૌથી જરુરી ફોર્મ ઓફ ગેરંટી જ નથી. સરકારી ખામી ની ગંભીર નોધ લીધી.કેગના રીપોર્ટમાં એ ખુલાસો થયો છે કે ૨૦૧૬માં જ્યારે ભારત સરકાર સાથે કોન્ટ્રાક્ટ પર હસ્તાક્ષર થયા ત્યારે ફ્રેન્ચ સરકાર અને દસોલ્ટ એવીએશન બંનેએ બેન્ક, સોવરિન કે પર્ફોમન્સ એમ કોઈપણ પ્રકારની ગેરંટી આપવા માટે સંમતિ દાખવી નથી.તેના સ્થાને ફ્રાંસની સરકારે તેના વડાપ્રધાનના હસ્તાક્ષર સાથેનો પત્ર લેટર ઓફ કન્ટેન્ટ જ આપ્યો છે.

લોસ એંજલસની સ્ટાર હોલીવુડ રેસ્ટોરાંની મુતરડીઓમાં દરેક સ્ટેન્ડ પર ટીવી ગોઠવેલાં છે.


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬



## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી : મેકસિકો સરહદે દિવાલ બનશે

અમેરીકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત કરી દીધી છે.આમ કરતાં તેમને અમેરિકી કોગ્રેસને બાયપાસ કરીને દક્ષિણ સરહદે દિવાલ ચણવા માટે વધુ ભંડોળનો ઉપયોગ કરવાની છુટછાટ મળશે.

રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત કર્યા બાદ ટ્રમ્પે હવે મેકસિકો તરફથી આવનારા ગેરકાયદે શરણાર્થીઓ અને માદક પદાર્થની દાણચોરી રોકવા માટે જરુરી ૫.૬ અબજ ડોલરની રકમ મેળવી શકશે.

અગાઉ ટોચના રિપબ્લીકન સેનેટર મિચ મેક્કોનેલે જણાવ્યુ કે તેમની રાષ્ટ્રપ્રમુખ સાથે ફોન પર વાતચીત થઈ હતી. તેમણે બિલ પર હસ્તાક્ષરના સંકેત આપ્યા હતા સાથે જ તેઓ રાષ્ટ્રીય આપાતકાલીન જાહેર પણ કરી શકે છે. પાછળથી વ્હાઈટ હાઉસે પણ આ વાતનું સમર્થન કર્યું હતું. વ્હાઈટની પ્રેસ સેક્રેટરી સારા સેન્ડર્સે કહ્યુ હતું કે ટ્રમ્પ કેટલાક અન્ય કાર્યકારી નિર્ણય પણ લઈ શકે છે.જેમાં રાષ્ટ્રીય આપાત કાલીનની જાહેરાત સામેલ છે. અમારો હેતું સુરક્ષા જાળવવા અને સરહદ પર માનવીય સંકટને રોકવાનું છે.

આપાતકાલીનની જાહેરાત એક અસાધારણ નિર્ણય છે. તેનાથી અમેરિકી રાષ્ટ્ર પ્રમુખને કેટલીક વિશેષ સત્તા મળે છે. તેના દ્વારા ટ્રમ્પ સૈન્ય અને કટોકટી સહિતના ફંડ મેકસિકો સરહદે પર દિવાલ બનાવવા માટે ઉપયોગમાં લઈ શકે છે.વિપક્ષી ડેમોક્રેટ નેતા અને ટ્રમ્પની નીતિઓના વિરોધી મનાતા નેન્સી પેલોસીએ કહ્યુ કે આ પ્રકારના નિર્ણય સીધી રીતે રાષ્ટ્ર



પ્રમુખને મળતી શક્તિનો દુરપયોગ છે.સરહદે અત્યારે કોઈ કટોકટીની સ્થિતિ નથી. પેલોસી આ પહેલા પણ આ પ્રકારના નિર્ણયની વિરુધ્ધ ટ્રમ્પને કાયદાકીય પડકારવાની વાત કહી છે.જો કે હાલની સ્થિતિમાં ટ્રમ્પ પોતાના નિર્ણયમાં અડગ છે.

## જાણવા જેવું

મનુષ્યના ફેફસામાં ૩૦૦ અરબ જેટલી રક્તવાહીનીઓ છે.

ટોમ સોયરે નવલકથા લખવા માટે પહેલીવાર ટાઈપરાઈટર નો ઉપયોગ કર્યો હતો.

નાઈલ નદી ૬૬૯૦ કી.મી.ની લંબાઈ ધરાવે છે.

જે મહીનાની પહેલી તારીખે રવીવાર હોયતે મહીનાઓમાં ૧૩ મી તારીખે શુક્રવાર જ આવતો હોય છે.

વીડીયો ટેપ અને વીડીયોરેકોર્ડર ની શોધ ૧૯૫૬મા થઈ હતી.

મધ્ય અમેરીકા અને વેસ્ટ ઈન્ડીઝમાં બાલસા નામના ઝાડનું લાકડું બુચ કરતાંય વજનમાં હલકું હોય છે.

બ્રિટનની વિમાની ક્લબમાં ક્રેઈગ બાવર્સ નામનો,પાંચ વર્ષની ઉંમરનો પાયલટ હતો.

ગ્લાસગોના ગાર્ડન સ્ટીવર્ટના બંને પગ અકસ્માતમાં કપાઈ ગયા હતા.છતાં ગીચ રસ્તાઓમાં તે સાઈકલ ચલાવતો હતો.

ડચ કવિ જીન ડી સાનિયલે ઝાડના થડમાં કવિતા કોતરીને લખી હતી.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨


અનુ પાન નં. ૪ નું ચાલુ

સાથે સંધિ કરવાનો પ્રશ્ન જ રહેતો નથી. એ પોતાનો શત્રુ હોય તેથી શું થઈ ગયું ?આપણે કહીએ છીએ કે નબળો ઘણી બૈરી પર શુરો હોય છે. એના પણ લોકો સમાજમાં હોય છે, પણ પોતાનો પડોશી સામાન્ય કક્ષાનો હોય તો એને આપણે સતત દબાવ્યા જ કરીએ છીએ. એની પરિસ્થિતિનો ગેરલાભ લેતાં આપણે અચકાતાં નથી.સામાન્ય માણસ પોતાની નબળાઈઓના કારણે બોલતો ના હોય એની સાથે કોઈપણ વાતનુ સમાધાન શા કામનુ ? એવા લોકોનુ તો સતત શોષણ થતું આવે છે. એવો જ કોઈ દેશ હોય કે, આપણા સમાજનો કોઈ વર્ગ હોય. એને તો સતત કચડાતા જ રહેવું પડે છે.સંધિ કોની સાથે થાય ?જેની આપણને ભીતી હોય,જેનો ભય હોય,એની સાથે સંધિ કરવાની હોય છે. જે આપણને કશું જ કરી શકે એમ ન હોય એની સાથે સંધિ કેવી ?સંધિ એ રાજનીતીનો એક ભાગ છે.એમાં તો લાભાલાભનો જ વિચાર કરવો પડે છે. જીવનમાં ક્યારેક આપણે જેને દુશ્મન માનતા હોઈએ એવો માણસ પણ આપણા પર ઉપકાર કરતો હોય છે. ઉપકાર કરનાર શત્રુની સાથે સંધિ કરવી જોઈએ.તેના બે લક્ષણ જાણવા જોઈએ,ઉપકાર અને અપકાર, આપણે કહીએ છીએ કે કોઈ વેંત નમે તો આપણે હાથ નમવું જોઈએ. એમાં જ આપણી માનવતા રહેલી છે. જો શત્રુ આપણા હિતનાં વિચાર કરતો હોય તે એની સાથે સમાધાન કરવુ એ યોગ્ય જ ગણાય છે. જો બે રાજાઓ સમાધાન કરે અથવા બે રાષ્ટ્રો સંધિ કરે તો એનુ પાલન કોણે કરવાનુ ?જે તે રાષ્ટ્ર અને તેની પ્રજાએ. સંધિ જો પ્રજાના હ્યદય સુધી પહોંચે નહીં તો એનો અર્થ સરતો નથી.

ડૉ.કિશોરસિંહ સોલંકી
(સૌ. સંદેશ)


## ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં : ૯૮૯૮૦૭૨૮૮૧

# સમાધાન કરી શકે તે પ્રગતિ કરી શકે

જીવનમાં સમાધાન કરીને જીવવુ પડે છે.જેને સમાધાન કરતાં આવડતુ નથી તે ફેંકાઈ જાય છે.એમાં આપણી જે માન્યતા હોય,તે બીજાઓને અનુકુળ ન પણ આવે, તેથી તે સ્વીકારી શકે નહી.એવુજ આપણા પક્ષે પણ થાય. તો સામસામે સમાધાન કરી લેવુ પડે, જો એમ ન થાય તો તે લાંબુ ટકે નહી.આ સામાન્ય બાબત છે.જેને સમાધાન કરતાં આવડે તે જીતે.સમાધાનથી શાંતિ આવે છે.જ્યારે આપણાં દેશમાં રજવાડાં હતાં ત્યારે સંધિની પ્રક્રિયા સતત ચાલ્યા કરતી,એમાં વિશ્વાસઘાત,પ્રપંચવિદ્યા, ખોટાં કારસ્તાન,લડાઈ-ઝગડા કરાવવાની વ્યુહરચના,વળી પાછુ સુલેહ-શાંતિ કરાવવાની મથામણ આ બધીજ રાજકીય આંટીઘુટીઓ ચાલ્યા કરતી. એમાં એક રાજા બીજા રાજા સાથે સમાધાન કરે,સંધિ કરાર થતાં એમ આજે વિશ્વના દેશો એકબીજા સાથે કોઈ ને કોઈ પ્રકારની સંધિ કરે. એ માટે એક દેશ બીજા દેશમાં પોતાના એલચી રાખે છે.બીજા દેશો સાથે સલાહ સુચનો માટે કોઈ પ્રશ્નો ઉભા થાય તો એનુ સમાધાન કરાવવાના પ્રયત્નો કરાતા હોય છે.સંધિ થયા પછી બંને પક્ષ એની સમયમર્યાદામાં રહીને, એનુ પાલન કરવા માટે બંધાયેલો હોય છે. જો એમ ન કરે તો સંધિભંગ ગણાય છે.

સંધિ એટલે જોડાવુ તે, સંયોગ (૨)સાંધો, સાંધાની જગ્યા (૩)સુલેહ, તહ(૪)અણીનો વખત (૫)બે યુગ કે વિશિષ્ઠ સમયો વચ્ચેનો સમય (૬)બે વર્ણો સાથે આવવાથી થતો ફેરફાર કે જોડાણ(વ્યા)(૭)નાટકનો સાંધો કે વિભાગ (૮)ચોરે ભીંતમાં પાડેલુ બાકું વગેરે અર્થ થાય છે. આ અર્થોની દર્ષ્ટિએ જોઈએ તો સંધિ એના જુદા જુદા કાર્યો સાથે સંકળાયેલી બાબત છે.

આપણે સંધિકાળ એવુ કહીએ છીએ. એ કાળગણનાનો એક ભાગ ચે. એ યુગ વચ્ચેનો સમય,યુગનો બારમો ભાગ છે.એમાં એકનો અંત અને બીજાની શરુઆત થાય, તે સમય સંધિકાળ કહેવાય છે.એક પરિસ્થિતિમાંથી બીજી પરિસ્થિતિમાં પ્રવેશવાનો સમય. આ સમયને સાચવવાનો હોય છે.એની પુજા અર્ચના કરવામાં આવે છે.આ વાત સમયની થઈ. એવી જ રીતે જીવનમાં પણ કેટલોક સંયોગ એવો ઉભો થાય કે જેથી તમારે સંધિ કરવી પડે.જે માણસ અણીનો સમય સાચવી જાણે છે એ જીવી જાણે છે.એનાથી આગળ વધીને કહી શકાય કે જે સમયની સાથે સંધિ કરી શકે છે, એ પ્રગતિ કરી શકે છે.ક્યારેક આપણને સંધિ ગમતી હોય કે ન ગમતી હોય,જો એ વિશાળ હિતમાં હોય તો કરવી જોઈએ.માત્ર આપણા સ્વાર્થ ખાતર જો એ ન કરાય તો એનાં પરિણામ બીજાઓને ભોગવવાં પડતાં હોય છે.આપણે કોઈ વસ્તુ તુટી જા. તો એને રેણ કરીએ છીએ, સાંધીએ છીએ. હૃદયમાં તકલીફ થાય તો ઓપરેશન કરાવીને ધમનીઓને ગતિમાં લાવીએ છીએ.આપણને ખબર છે કે આ સાંધો લાંબો સમય ટકવાનો નથી, એને સાચવીને કાળજીપુર્વક રાખીએ છીએ. એવું જ સંધિનુ પણ છે.સંધિ થયા પછી એને નિષ્ઠાપુર્વક વળગી રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ.

કોઈ મહાન કાર્યો કરવા માટે શત્રુઓ સાથે પણ સંધિ કરવી જોઈએ. આપણે જો શત્રુતાની દાઝમાં જ રહીએ તો કાર્ય બગડી જાય છે.સમાજના કે માનવજાતના હિતમાં જો હોય તો સમાધાન કરવુ એ માણસની મહાનતા ગણાય છે. દેશના હિતમાં પણ ક્યારેક બાંધછોડ કરવી પડે તો કરાય. એમાં આપણો અહંમ ઓગાળવો પડે. આપણા અહંમથી જો રાષ્ટ્રને નુકશાન થતુ હોય તો આપણે દેશદ્રોહી જ કહેવાઈએ ?સજ્જન માણસ તો એ છે કે જે બીજાના ભલાનો વિચાર કરે.જે રાજકારણી છે એ પેલા વાંદરાની વાર્તા જેવા હોય છે. બે બિલાડીની લડાઈમાં પોતાને મલાઈ મળે એની ફિરાકમાં રહેતા હોય છે.જો કોઈ પ્રશ્નની મડાગાંઠ પડી હોય તો એને ઉકેલવાના બદલે વધારે ગુંચવવામાં એમને અસુરી આનંદ આવતો હોય છે.પોલિસને કહે કે તુ પકડ અને ચોરને કહે કે તું નાસી જા.આવા લોકો સંધિને નામે પોતાનો રોટલો શેકતા હોય છે.જો સરળતાથી બે પક્ષો વચ્ચે સમાધાન થઈ જાય તો એવા લોકોનો ભાવ કોણ પુછે ?જુના સમયમાં રાજાઓ વચ્ચે સંધિ કરાવનારાઓ એવી જ ભુમિકા ભજવતા.બંને પક્ષો એમને પોતાના જ માનતા હોય છે.પણ એ સંધિ કરાવનાર ક્યારેય કોઈનો હોતો નથી. આજે આપણી જ્ઞાતિઓના સમાજોમાં પણ જોઈએ છીએ કે સમાજના આગેવાનો કોઈને લડાઈ-ટંટો હોય તો વચ્ચે પડીને સંધિ કરાવવાનો પ્રયત્ન કરતાં હોય છે.એમાં બંને પક્ષે સમાધાનના પ્રયાસો થાય છે.પણ એમાં વચેટીયા હોય તે પોતાનો જ વિચાર કરતાં હોય છે.

સંધિ ક્યાં સુધી ટકતી હોય છે.નેપોલીયને કહ્યુ છે 'સંધિઓનુ પાલન ત્યાં સુધી જ કરાય છે, જ્યાં સુધી એમના હિતોની યોગ્યતા સચવાય છે 'પોતાના હિતો સચવાઈ રહે ત્યાં સુધી સંધિ એમના માટે સારી ગણાય છે.જ્યારે એમનાં હિતો ટકરાય ત્યારે સંધિનો અંત આવે છે. ફરીથી એની એ જ લડાઈઓ, ઝગડાઓ,મારામારી અને કાપાકાપી શરુ થઈ જાય છે. ક્યારેક તો આ પ્રકારની સંધિઓ માત્ર કાગળ ઉપર જ રહેતી હોય છે.એમાંય જો સામેવાળો દુબળો હોય, ગરીબ હોય, તો એની

અનું પાન નં. ૩ ઉપર


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઈપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬



**કાર ભાડે મળશે**



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઈનર કાર મળશે



મોબાઈલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડિઝ તથા અન્ય મેરેજ કાર મળશે




# પાન-આધાર લિન્ક ફરજીયાત, ૩૧ માર્ચ છેલ્લી તારીખ : સીબીડીટી

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસએ ભારપુર્વક કહ્યુ છે કે આઈટી રિટર્ન ફાઈલ કરનારા લોકો માટે તેમના પાન નંબરને આધાર સાથે જોડવો ફરજીયાત છે.આ માટે છેલ્લી તારીખ ૩૧ માર્ચ છે. સીબીડીટીએ એક એડવાઈઝરીમાં કહ્યુ છે કે ગત વર્ષ સપ્ટે.માં સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં આધારની બંધારણીય માન્યતાને જાળવી રાખી હતી.આ જ ક્રમમાં આવકવેરા કાયદા-૧૯૬૧ની કલમ ૧૩૯એએ અંતર્ગત સીબીડીટી દ્વારા ૩૦ જુન,૨૦૧૮ના રોજ જારી આદેશ માન્ય થઈ જાય છે. આ અનુસાર આવકવેરા રિટર્ન દાખલ કરનારા લોકોએ ૩૧ માર્ચ,૨૦૧૯ અગાઉ પોતાના પાન કાર્ડને આધાર સાથે જોડવું અનિવાર્ય છે.સુપ્રીમ કોર્ટે ૬ ફેબ્રુઆરીએ પોતાના આદેશમાં પુષ્ટિ કરી હતી કે આવકવેરા રિટર્ન ભરનારા લોકો માટે પાન કાર્ડને આધાર સાથે જોડવું ફરજીયાત છે.

# પુલવામાંના હુમલાની જવાબદારી લેનાર સંગઠન જૈસ-એ-મોહંમ્મદના વડા મસુદ અઝહરને આતંકી જાહેર કરવાનો ચીનનો ઈન્કાર

જમ્મુ-કાશ્મીરના પુલવામાંમાં સીઆરપીએફ જવાનો પર થયેલા આત્મઘાતી હુમલાને ચીને વખોડી કાઢ્યો છે.પરંતુ આ હુમલાની જવાબદારી સ્વીકારનાર સંગઠન જૈસે-એ-મહોમ્મદના વડા મસુદ અઝહરને સાથ આપવાનું છોડ્યું નથી. આમ ચીન સંયુક્ત રાષ્ટ્ર સંઘના પ્રતિબંધો હેઠળ વૈશ્વિક આતંકીઓની યાદીમાં મસુદ અઝહરને સામેલ કરવાના ભારતના પ્રયાસો સતત નિષ્ફળ બનાવી રહ્યુ છે. પુલવામામાં આતંકી હુમલા બાદ ચીને મસુદ અઝહરને સાથ આપવાનો નિર્ણય કર્યો છે. અને ભારતની અપીલને સાથ આપવાનો ઈન્કાર કર્યો છે.

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગૈંગ શુંઆગે કહ્યુ હતું કે ચીનને પુલવામામાં થયેલા આતંકી હુમલાની જાણકારી મળી છે.અમે આ હુમલાથી સ્તબ્ધ છીએ. અમે શહીદ પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરીએ છીએ. અમે કોઈ પણ પ્રકારના આતંકવાદની નિંદા કરીએ છીએ. અમને આશા છે કે આ ક્ષેત્રમાં અમે આતંકી ખતરાનો સામનો કરવા અરસપરસ સહયોગ કરીશું અને ક્ષેત્રીય શાંતિ તથા સ્થિરતા જાળવી રાખીશું. શુંઆગને જ્યારે મસુદ અઝહરને વૈશ્વિક આતંકીની યાદીમાં સામેલ કરવાનો સવાલ કર્યો તો તેમણે કહ્યુ કે જ્યાં સુધી આ મુદ્દાની યાદીનો સવાલ છે તો હુ તમને કહી શકું કે સુરક્ષા પરિષદની ૧૨૬૭ કમિટીએ લિસ્ટીંગ અને આતંકી સંગઠનો પર પોતાની પ્રક્રિયા અને શરત સ્પષ્ટ કરી છે. જૈશ-એ-મહોમ્મંદને સુરક્ષા પરિષદની પ્રતિબંધની યાદીમાં સામેલ કરાયું છે. ચીન આ મામલાને જવાબદારીપુર્ણ રીતે સંચાલિત કરવાનું ચાલુ રાખશે.અહીંયા નોંધવું રહ્યુ કે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના સ્થાયી સભ્ય ચીન ભારતની ઉપરોક્ત માંગને સમર્થન આપવાનું ઈન્કાર કરી રહ્યું છે.

# રશિયા આતંકવાદની લડાઈમાં ભારતની સાથે છે : પુતિન રાષ્ટ્રપતિ રશિયા

પુલવામામાં સીઆરપીએફની ટુકડી પર થયેલા હુમલા બાદ સમગ્ર વિશ્વ ભારત સાથે ઉભું છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ભારતના રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનના નામે શોક સંદેશ મોકલ્યો હતા. તેમાં પુતિને સાંત્વના વ્યક્ત કરતાં કહ્યુ છે કે હુમલામાં સામેલ લોકો અને એને સાથ આપનારા લોકોને આકરી સજા મળવી જોઈએ. અમે આતંકવાદની લડાઈમાં ભારતની સાથે છીએ.તેમજ આ લડાઈ લડવામાં સહયોગ આપવા તૈયાર છીએ.અમે આતંવાદની નિંદા કરીએ છીએ.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.